## " નવાં ભારત" નો સંઘર્ષ વ્યકત કરતી ફિલ્મ !

**હરેશ ધોળકિયા**

" સુપર ૩૦ " ફિલ્મ જોઈ ?

જો વાચક માતા–પિતા, શિક્ષક કે વિદ્યાર્થી હોય, તો તેણે ફરજિયાત આ ફિલ્મ જોવાની જરુર છે. તેમાં પણ જો પિતા નીચલા મધ્યમ વર્ગના કે ગરીબ હોય કે વિદ્યાર્થી વંચિત હોય અને હોશીયાર હોય પણ બહુ જ ઓછો આત્મવિશ્વાસ ધરાવતો હોય, તો તો તેણે જોવી જ. આ ફિલ્મ આ બધાને ખૂબ મદદ કરે છે.

આ ફિલ્મ, હમણાં જેને " બાયોપીક" ફિલ્મો કહેવાય છે તેવી છે. બિહારમાં આનંદકુમાર નામના એક ભાઈ ગરીબ વિદ્યાર્થીઓને, જેઓ આઈ.આઈ.ટી.માં જવા માગે છે અને લાયકાત પણ ધરાવે છે, પણ ફી ભરવાના પૈસા નથી, મફત ભણાવે છે અને એવું તો નકકર ભણાવે છે કે લગભગ બધા આઈ.આઈ.ટી.માં પ્રવેશ મેળવે જ છે. એટલે કહેલ ત્રણેને આશ્વાસન અને પ્રોત્સાહન આપતી આ ફિલ્મ છે. ' ભાગ મિલખા ભાગ' કે 'મેરી કોમ' પણ બાયોપીક ફિલ્મો હતી, પણ તેમાં વ્યકિતગત સિધ્ધિની વાત હતી. આ ફિલ્મમાં વ્યકિતગત સિધ્ધિ તો છે જ, પણ એ વ્યકિતગત સિધ્ધિ જયારે એક પળે આગળ વધવા માટે નિષ્ફળ જાય છે, ત્યારે તે સામુહિક સિધ્ધિમાં પરિણમે છે. એક વ્યકિતની નિષ્ફળતા અનેક ગરીબ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરુપ બની જાય છે. આ ઘટના તદન સાચી છે અને આજે પણ બની રહી છે. આનંદકુમાર આજે પણ કામ કરે છે.

વાર્તા આટલી જ છે. બિહારના આનંદકુમારને ગણિતમાં ગોલ્ડ મેડલ મળે છે. તે ખૂબ ગરીબ છે, છતાં આગળ ભણવા કેમ્બ્રીજમાં અરજી કરે છે અને પ્રવેશ મેળવે પણ છે. પણ પૈસાના અભાવે જઈ શકતો નથી. પિતા પૈસા માટે અથાગ પ્રયાસ કરે છે અને દમ તોડી દે છે. પરિણામે તેને પાપડ વેંચવા જેવો ધંધો કરવો પડે છે. ત્યારે ત્યાં જ ભ્રષ્ટ કોચીંગ કલાસ ધરાવનાર એક પ્રાધ્યાપકની નજર પડે છે અને તે તેને ઓળખી જાય છે અને પોતાના વર્ગમાં નીમે છે. તેથી તેના કોચીંગ કલાસનું મહત્વ વધી જાય છે. તે ખૂબ કમાય છે. પણ આનંદકુમાર જુએ છે કે ગરીબ હોશીયાર વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ નથી મળતો. તેથી તે આવા વિદ્યાર્થીઓ માટે કલાસ છોડી દે છે અને ગરીબ વિદ્યાર્થીઓ માટે મફત વર્ગ ખોલે છે. પેલાના કલાસ પર અસર પડવાથી તે આનંદના કલાસને તોડવાના પૂરા પ્રયાસ કરે છે. બધી જ ખટપટો અને ગુંડાગીરી કરે છે. તેને રાજકીય નેતાનો પણ સાથ મળે છે. પણ આનંદકુમાર દાદ દેતો નથી. તેનું ખૂન થવા સુધીનો પ્રયાસ થાય છે. તેમાંથી પણ બચે છે. તો હોસ્પિટલમાં મારવા ગુંડા મોકલે છે. ત્યારે તેની પ્રેરણાથી વિદ્યાર્થીઓ પોતે જે શીખ્યા છે તે જ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ ગુંડાઓને ભગાડવામાં જ કરે છે. છેવટે પ્રવેશ પરીક્ષા આપે છે અને ત્રીસે ત્રીસ ગરીબ અને વંચિત પણ હોશીયાર વિદ્યાર્થીઓને આઈ.આઈ.ટી.માં પ્રવેશ મળે છે.

એક મિશનરી વ્યકિત કામ કરવાનું શરુ કરે છે, ત્યારે કહેવાતો સંસ્કારી અને સભ્ય સમાજ અને તેના નેતાઓ તેને મદદ કરવા બદલે તેને કેટલી હેરાન કરે છે તેનું નકકર ઉદાહરણ આ ફિલ્મ આપે છે. સમાજની વિચિત્રતા એ છે કે તે હમેશ ઈચ્છે છે સંતો અને સજજનો અને સમાજ સેવકો, પણ જેવા તે આવે છે, તેવો સમાજ તેને હેરાન કરવાનું શરુ કરી દે છે. સ્થાપિત હિતો અને રાજકીય નેતાઓ સમાજને કેટલા નુકશાનકારક છે તે આ ફિલ્મ કહે છે. વાતો મોટી મોટી કરે છે, પણ ખરે સમયે હટી જાય છે અને તેના બદલે બીજું કોઈ સારું કામ કરે તો તેને નુકશાન કરે છે. તેઓ જ માફીયા ઊભા કરે છે, પોતાના ફાયદા માટે, અને આ માફીયાઓને કોઈ આડા આવે– એ તેમની માન્યતા હોય છે– કે તરત હેરાનગતિ શરુ !

સમાજનાં સ્થાપિત હિતો, કહેવાતા ઉચ્ચ વર્ગો અને ધનવાનો, હમેશ માને છે કે સતા તો તેમના જ હાથમાં હોવી જ જોઈએ. ફિલ્મમાં વાકય છે કે રાજાનો દિકરો જ રાજા થાય. પણ આનંદકુમારો કહે છે કે રાજાનો દિકરો જ રાજા ન થાય, પણ જેનો હક હોય તે જ રાજા થાય. વર્તમાનમાં આ હક મેળવવો એટલે શિક્ષણ મેળવવું. જો ગરીબો ભણે અને આગળ વધે તો જ તેમનું કલ્યાણ થાય. પણ આ સ્થાપિત હિતોને તો આ ન પોષાય. એટલે તેઓ જેઓ પણ હક માટે ગરીબોને તૈયાર કરે છે, તેને દૂર કરવા પૂરા પ્રયાસ કરે છે. ગરીબો ગરીબ જ રહેવા જોઈએ. તો જ તેમનું શોષણ થઈ શકે. તેઓ ન વિચારે તો જ તેમને ઠગીને મત મેળવી શકાય. તેમના ખભા પર બેસી રાજ કરી શકાય. સ્થાપિત હિતો અર્જુનો છે અને ગરીબો એકલવ્ય છે. જયારે પણ ગરીબ કોઈ દ્રોણાચાર્ય પાસે જાય, જે કેવળ રાજાને જ શિક્ષણ આપે છે, તો તેમનો અંગુઠો જ કાપી લેવામાં આવે છે. જો ગરીબોને કોઈ આનંદકુમાર જેવો દ્રોણ મળે તો જ તેઓ આગળ વધી શકે. આવા દ્રોણો સતાધારીઓને અને સ્થાપિત હિતોને પોષાતા નથી. બધા દ્રોણો તો સફળ થતા નથી, પણ કેટલાક સફળ થાય છે અને સ્થાપિત હિતોના સ્વાર્થમાં ગાબડું પાડવા સમર્થ બને છે. આ ફિલ્મ આવા એક ગરીબો એકલવ્યોના દ્રોણની કથા છે.

આજે તો આ માફીયાઓનાં બાળકો જ કદાચ તેના કલાસનો લાભ લેતા હશે, પણ જયારે શરુઆતમાં તેમના સ્વાર્થને તોડવાનો પ્રયાસ થતો હતો, ત્યારે તેને મારી નાખવાની પૂરી ઉત્સુકતા બતાવી હતી. આજે આ જ માફીયાઓ પોતાનો વટ પડે માટે આનંદકુમારને સન્માને છે, કારણ કે વિશ્વ તેની કદર કરે છે ! એક કરુણતા છે કે ભારતના શ્રેષ્ઠ લોકોની કદર હમેશ પશ્ચિમે જ કરી છે. મહાન કહેવાતું ભારત હમેશ પાછળ રહ્યું છે. પછી તે ટાગોર હોય, ગાંધી હોય, વિનોબા હોય કે આનંદકુમાર હોય ! ભારતે તો હમેશ ખોટા જ લોકોની ખુશામત કરી છે અને આજે પણ કરે છે. રાવણ હોય, દુર્યોધન હોય,દુશાસન હોય, શકુની હોય કે ગોડસે હોય, તેને માન અપાય છે. આજે પણ મનમોહનસિંહો કે રાજનો નથી પોષાતા. કલામ ભૂલથી પ્રમુખ

બનાવાય, તો બીજી વાર તો ન જ આવી શકે. દરબારીઓ જ ખપે ! અને પ્રજા પણ કયારે શ્રેષ્ઠ લોકોનો આગ્રહ નથી રાખતી. માટે જ દેશ સતત પછાત રહ્યા કરે છે.

એટલે જ સંવેદનશીલ લોકોને આ ફિલ્મ પળેપળ પીડા આપે છે. તે સતત આનંદકુમારને હેરાન થતો જુએ છે. માફીયાઓને જ સફળ થતા જુએ છે. સ્થાપિત હિતોનાં બાળકો પણ આ વિદ્યાર્થીઓની હાંસી કરે છે. અંગ્રેજી નબળું છે તે માટે હસે છે. તેમને આગળના બાંકડા પર પણ બેસવા નથી દેતા. પણ હા, જો આ વિદ્યાર્થીઓ નિર્દોષ સ્થિતિમાં હોય, તો તેઓ કદર કરી શકે છે. એક દશ્યમાં ગરીબ વિદ્યાર્થીઓ નાટક કરે છે અને પોતાની દઢતા વ્યકત કરે છે, ત્યારે પૈસાદાર વિદ્યાર્થીઓ પ્રભાવિત થઈ જાય છે અને તેમના સાથે નાચવા પણ લાગી જાય છે. જો સ્થાપિત હિતો તેમને ન બગાડે તો તેઓ પણ નિર્દોષ જ છે એમ આ ફિલ્મ કહે છે.

આ ફિલ્મમાં કેટકેટલી નબળાઈઓ બતાવી છે. પોલીસ ખાતું કેટલું ભ્રષ્ટાચારી છે તે નગ્ન રીતે બતાવે છે. સાથે કેટલા દબાણ હેઠળ કામ કરે છે તે પણ બતાવ્યું છે. વી.આઈ.પી.ઓની સેવા કરવામાંથી જ ઉંચું નથી આવતું અને તેને પરિણામે તેઓ કેટલા શારીરિક–માનસિક હેરાન છે તે સૂચવ્યું છે. તો નેતાઓ કેવા નીભર છે તે તો સતત બતાવે છે. જો કે તે તો બધી જ ફિલ્મો બતાવે છે ! નેતાઓને તેમની માફીયાગીરી કરવામાં જેઓ પણ આડા આવે તેઓ જરા પણ નથી ગમતા અને તેમને મારી નાખવા સુધીની તૈયારી તેઓ કરે છે. તો શિક્ષણમાં પણ કેવી માફીયાગીરી ચાલે છે– આવા કોચીંગ કલાસોના નામે–તે પણ ભયંકર રીતે બતાવે છે. ટૂંકમાં સમગ્ર સિસ્ટમ કેટલી ભ્રષ્ટ છે તે સતત બતાવે છે. હોસ્પિટલમાં એક નર્સ કોઈ ડોકટરને આરામથી કહી શકે કે તે તો ડોનેશનવાળો ડોકટર છે તે કઈ હદે સિસ્ટમ ખરાબ છે તે સૂચવે છે. નર્સો ડોકટરને બાજુએ રાખી આનંદને સાજો કરે છે.

વિદ્યાર્થી હોશીયાર હોય પણ ગરીબ હોય તો કેટલો હેરાન થાય છે. પૈસા વગર તેને કયાંય સ્થાન મળતું નથી. તેની હોશીયારી મજૂરીમાં જ વેડફાઈ જાય છે. લાખે એકાદને કોઈ આનંદકુમાર મળે છે, પણ બાકીનાનું શું ? પૈસાદારો પૈસાને જોરે પ્રવેશ મેળવે છે. પાછા ભણતા પણ નથી અને મજા કરે છે. અને જેને ભણવું છે, તે પૈસાના આભાવે વેડફાઈ જાય છે. હજારો રામાનુજમો પાપડ વેંચી જીવન વેડફી નાખે છે. તો ભ્રષ્ટ પ્રોફેસરો જ્ઞાનનો કેવો વેપાર કરે છે. વિદ્યાર્થીઓને, સમાજને લૂટે છે, ઠગે છે. માફીયાગીરી કરે છે. પોતાનું જરા પણ નુકશાન જાય તો ગમે તે હદે જવા તૈયાર રહે છે.

સામે આનંદકુમાર જેમ તેના પિતા પણ બતાવે છે જે કોઈ પણ કારણ વગર બધાને મદદ કરે છે. આનંદકુમારનું ખૂન કરવાનું કામ જેને સોંપાયું હતું, તે ખૂન નથી કરતો, કારણ કે તેના પિતાએ તેને મદદ કરી હતી. એટલે સત્કર્મ પણ ઉપયોગી તો છે જ એ બતાવે છે. ગરીબ છોકરાની ફી ભરવા પોસ્ટ ઓફિસવાળા ફાળો કરે છે. આનંદને નર્સો મદદ કરે છે. આનંદની પ્રેમિકા ભ્રષ્ટ પ્રાધ્યાપકથી તેને બચાવે છે. એક વાત અદભુત રીતે એક બે સેકન્ડમાં કહી દે છે. જયારે આનંદકુમાર પૈસાના અભાવે કેમ્બ્રીજ નથી જઈ શકતો અને તેના પિતા અફસોસ કરે છે, ત્યારે તેની માતા કહે છે કે " શું પરદેશ ન જવાય તો જિંદગી અટકી પડશે ?" પરદેશ જવાની ઘેલછાને આ સડસડતો જવાબ છે. અને ફિલ્મ અજ્ઞાત રીતે કહે છે કે જો આનંદકુમાર કદાચે કેમ્બ્રીજ ગયો હોત તો તે પણ આવીને ગરીબોનું શોષણ જ કરત ! ન જઈ શકયો તે સમાજને ફાયદારુપ થયું. ભારતીય સમાજને રાજકીય નેતાઓ, ભણેલાઓ અને સ્થાપિત હિતો કેટલું નુકશાન કરે છે તે આ ફિલ્મ દર પળે બતાવ્યા કરે છે.

બે અઢી કલાકમાં આ ફિલ્મ કેટકેટલું કહી દે છે. પણ મૂળ વાત એ છે કે આનંદકુમારનું મિશન આપણને સ્પર્શી જાય છે. આ આનંદકુમારો જ આ દેશ ચલાવે છે એ યાદ રાખવાનું છે. પૈસાદારો કે સતાધારીઓ દેશ નથી ચલાવતા. તેઓ તો દેશને નુકશાન કરે છે. આ આનંદકુમારો સમાજને પ્રગતિ કરવામાં ટેકારુપ થાય છે. આ આનંદકુમાર તો ઠીક છે સફળ ગયા, પણ અનેકો નિષ્ફળ પણ જતા હશે અને ખલાસ પણ થઈ જતા હશે, છતાં તેમની નિષ્ફળતા પણ દેશને, સમાજને ફાયદારુપ જ થતી હોય છે. તેઓ આડકતરી રીતે ગાંધીજીના વારસો છે. તેઓ જ સમાજને સ્વસ્થ અને પ્રગતિશીલ રાખે છે. છેલ્લે બધા ગરીબ સફળ વિદ્યાર્થીઓ આનંદકુમારને જે રીતે વળગી પડે છે, તે દશ્ય અદભુત છે. તે જ નવા ભારતની આકાંક્ષાનું પ્રતિબિંબ છે. નવું ભારત ગરીબો જ રચશે. તેઓ જ દેશને પાંચ હજાર વર્ષથી સ્થાપિત હિતોની પકડમાંથી મુકત કરશે. સ્થાપિત હિતો ખૂબ ત્રાસ આપશે, ભયંકર કૃત્યો કરશે, પણ છેવટે તો આ વંચિતોનું નવું ભારત જ જીતશે. પાંચ હજાર વર્ષ પછી પહેલી વાર આ ગરીબોને તક મળે છે. તેઓ – ગરીબો અને મહિલાઓ–આગળ આવવા કલ્પનાતીત શ્રમ કરે છે. તેમને અનેક વિઘ્નો નડે છે, છતાં તે બધાને પાર કરી આગળ વધે છે. આ દશ્યો અદભુત છે. પ્રચંડ આશા જન્માવે છે. દરેક સાચા દેશભકતની ફરજ છે કે તે આવા આનંદકુમારો સાથે રહે.

❑❑❑